સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતિ વર્ષ)

ગરીબ પ્રજાને દંડ કરી કરી તંગ કરે છે!
'સરકાર' જાતે કોરોના - કાયદા ભંગ કરે છે!
જંગ છે આ મુખત્યારી અને લોકશાહી વચ્ચેનો -
બાંધીને આંખે પાટા 'રક્ષકો' દંગ કરે છે!
(વીવીઆઈપી ઉપરથી ઉતરી આવ્યા છે?)

હાઈકુ

સહે છે સજા -
દંડ દંડથી પ્રજા -
તંત્ર લે મજા!!
(લ્યો ! આવકના આંકડા જાહેર કરે છે!)

કપાય નાક -
કોર્ટ દ્વારા છતાંય -
માણે દિવાળી!!
(દરરોજ - નવાં નાકે)

ચિંતન

ઉક્ત સાધન યુક્તેન વિચારઃ પુરુષેણ હિ ।
કર્તવ્યો જ્ઞાનસિદ્ધ્યર્થં આત્મના શુભમ્ ઈચ્છતઃ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાનસિદ્ધિ માટે વિચાર જ સાધન છે. સ્વકલ્યાણ ઈચ્છનારે આ સાધનને હાથ કરવું જોઈએ. એટલે આત્મ વિચાર વિના જ્ઞાન પ્રાપ્તિ નથી. વસ્તુની સિદ્ધિ વિચારથી જ છે, વસ્તુ એટલે આત્મવસ્તુ ને વિચાર એટલે આત્મવિચાર. કરોડો કર્મથી પણ તે થતી નથી. એટલે કે તેમાં બીજો કોઈ પણ ઉપાય કામનો નથી.

સ્વ - સ્વરુપનું ભાન ન હોવાથી જ દ્વૈતરૂપ સંસારની કલ્પના થાય છે માટે હું સાક્ષી છું. જ્ઞાનસ્વરુપ છું, એવું ચિંતન સતત કરવું. જેમ સૂરજ ઊગતા તારા માત્ર દેખાતા બંધ થાય છે. ક્યાંય જતા નથી રહેતા, એમ જ ઊંઘ ઊડી જતાં સ્વપ્નાં પણ દેખાતાં જ બંધ થાય છે. એનું અસ્તિત્વ મટી જતું નથી. આત્મતત્વની સમજણ આવી જતાં પૂર્ણ-જાગ્રત અવસ્થામાં પણ સંસાર સ્વપ્નવત્ કલ્પના માત્ર લાગે છે.

સુવિચાર

- ઔરત તેરી યહી કહાની - ઘર કે ભીતર જી ભર રોલો, પર દરવાજા હંસ કર ખોલો - **ગુલઝાર**
- જયારે જયારે લોકો તમને ફુટબોલ સમજીને કીક મારે ત્યારે એ લોકોને ખબર નથી કે એ લોકો જ તમને ગોલ તરફ લઈ જઈ રહ્યા છે - **જીગ્નેશ દાદા**
- કોઈને પોતાના બનાવવા માટે આપણી ઘણી બધી ખાસિયતો પણ ઓછી પડે છે... જયારે કોઈને ગુમાવવા માટે આપણી એક જ ખામી પૂરતી હોય છે - **મુંબઈ સમાચાર**
- શાક ખારું લાગે તો જરૂરી નથી કે મીઠું વધારે પડી ગયું, એ આપણી ગૃહલક્ષ્મીના આંસુ પણ હોઈ શકે છે - **મોરારિ બાપુ**
- ચશ્માની દુકાનમાંથી ઉત્તમ ચશ્મા તો ખરીદી શકાય પણ દૃષ્ટિ તો સમજણ પર નિર્ભર છે - **ભિખુદાન ગઢવી**
- જયારે કાંઈ જ કરી શકો તો દુઆ કરી લેજો - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : શતાવરી ધૃત સવાર-સાંજ બે ગ્રામ જેટલું લેવાથી આંતરડાનાં ચાંદા રૂઝાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સુખી રબારી પરિવારમાં ઘેટા-બકરાંના ધણ પણ હતા. પિતાએ તેમના બે યુવાન પુત્ર રઘુ અને કાનજીને આ કામ સીખવાની અને વારસો સંભાળવાની સલાહ આપી. પણ આ વાતની તેમની ઉપર કોઈ અસર થતી નહીં. એકવાર મોટા રઘુને ઘેટા-બકરા લઈ દૂર ચરાવવા મોકલ્યો. રઘુ ગોધૂલિ વેળાએ પાછો આવ્યો ત્યારે થાકેલો અને મુંઝાયેલો હતો. પિતાએ કારણ પૂછ્યું, રઘુ એ કહ્યું, 'પાછા ફરતાં એક ઘેટું ઓછું છે.' પિતાએ કહ્યું, 'આવું કેમ થયું?' રઘુએ કહ્યું, 'મારા દોસ્ત સાથે હું ઝાડ પર ચડી હું રમત રમી રહ્યો હતો તે દરમિયાન આવું થયું.' પિતાએ કહ્યું, 'ઘેટું તો આપણું ઘર શોધતું શોધતું આવી જશે. પણ તું તારી ફરજ ચૂક્યો એનું આ પરિણામ છે. મિત્રો સાથે રમતમાં ધ્યાન રાખ્યું એ કરતાં આપણા ધણ પર ધ્યાન રાખ્યું હોત' બીજે દિવસે કાનજીને ધણ ચરાવવા મોકલ્યો. ધણ પાછું પાછું આવ્યું ત્યારે એમાં એક બકરી ઓછી આવી. પિતાએ પૃછા કરી તો કાનજીએ કહ્યું, 'હું કોઈ રમત નહોતો રમતો પણ હું ગીતાજીનું પઠન કરી રહ્યો હતો કારણ કે આપણા ગામના પૂજારીએ ગીતા વાંચવાથી જન્મારો સુધરી જાય એવું કહ્યું હતું.' એ જ ગીતામાં લખ્યું છે કે નિષ્ઠાથી પોતાની ફરજ પહેલા નિભાવવી જોઈએ. એની જગ્યાએ મિથ્યાચારમાં પડી ગયો અને ખરો ધરમ ચૂક્યો અને નુકશાન વહોર્યું છે.' રઘુ અને કાનજી ભલે જુદા જુદા કારણોસર ફરજ ચૂક્યા પણ પરિણામ ખોટનું જ રહ્યું. સંતોએ એકાગ્રતા અને કર્તવ્યનિષ્ઠાને ફરજ નિભાવવાની વૃત્તિને 'પરમોધર્મ' કહ્યો છે.

રસી હવે હાથવેંતમાં : બ્લૂ પ્રિન્ટ તૈયાર

તંત્રીસ્થાનેથી...

એક તરફ ભારતમાં વિવિધ ફાર્મા કંપનીઓ પોતાની રીતે તેમજ આંતરરરાષ્ટ્રીય એજન્સીઓના સહયોગમાં કોરોનાની રસી ઉપલબ્ધ કરાવવા પ્રયાસ કરી રહી છે અને બીજી તરફ કોમ્યુનિટી સંક્રમણને કારણે પૉઝિટીવ કેસોની સંખ્યા પણ ઉછાળા પર છે. ગુજરાતની પરિસ્થિતિ અન્ય ઘણાં રાજયો કરતાં વધારે ચિંતાજનક છે. વડાપ્રધાન અને ગૃહપ્રધાન બેઉને ગુજરાતના કર્ણધારો જેટલી જ પોતાના હોમ સ્ટેટની ચિંતા રહે તે સ્વાભાવિક છે. રસી ઉપલબ્ધ થતાંની સાથે એનું વિતરણ શરૂ થવાનું છે, જેની બ્લ્યૂ પ્રિંટ પણ સરકારે તૈયાર કરી દીધી છે. રસીનો સ્ટોક તબક્કા વાર આવતો જશે અને તે નક્કી કરેલ અગ્રિમતાના ધોરણે જ કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર અપાતી જશે. દેખીતી રીતે રસીના પ્રથમ હકદર 'ફ્રંટલાઈન વૉરિયર્સ' જ હોય. વડાપ્રધાને સર્વપક્ષીય બેઠકમાં રસી નજીકના જ ભવિષ્યમાં ઉપલબ્ધ થવાની સંભાવના વ્યક્ત કરીને દેશની હેબતાઈ ગયેલી પ્રજામાં નવી આશાનો સંચાર કર્યો છે. એમને રસી ઉત્પાદન કરતી સંસ્થાઓનું જાતે જ નિરીક્ષણ કર્યું છે અને ભારતમાં ઉત્પાદિત થનાર રસી વિદેશી રસીની સરખામણીએ સસ્તી ઉપરાંત અસરકારક હશે એવી પણ ખાતરી આપી છે. રસીના ભાવ વગેરે બાબતે રાજયોની સાથે સંકલન થશે. રસીકરણ માટે પણ ગુજરાત મોડેલ સ્ટેટ બને એમ લાગે ઓછે. બહુ જ ચીવટપૂર્વક એની પૂર્વ તૈયારી એન કોને રસી આપવી એનું લિસ્ટ તૈયાર કરાયું છે. એમાં ડેટા બેઝ મુજબ ડૉક્ટરોથી સફાઈ કામદાર સુધી અને ટીચરથી તલાટી સુધીના કર્મચારીઓને એનો અગ્રતાક્રમ મુજબ લાભ મળશે. સિનિયર સિટિઝન્સ અને કો-મોર્બિડ નાગરિકોની યાદી પણ તૈયાર થઈ રહી છે. આ માટે ડોર ટુ ડોર સર્વેક્ષણ થનાર છે. રસીના ડોઝ તબક્કાવાર મળનાર હોઈ ૫૦થી વધારે ઉંમરના ફ્રન્ટ લાઈન વોરિયર્સને સૌથી પહેલાં રસી અપાશે. ભારતીય જનતા પાર્ટીની સરકાર જે રીતે ચૂંટણીમાં પેજ-સ્તરે પહોંચીને વોટર (મતદાતા) સુધી પહોંચવાનો પ્રયાસ કરે છે તે જ રીતે આ મહામારીના ઈલાજ તરીકે બહુ નજીકના સમયમાં વૈજ્ઞાનિકોની ચકાસણીમાંથી સફળ થઈને બજારમાં મુકાનારી રસીનું વિતરણ પણ કરનાર છે. કોરોનાની દહેશતનાં ડાકલાં એક વર્ષ અગાઉ શરૂ થયેલાં. પ્રજાજનોએ ઘણી બાબતોમાં સરકારી નિયંત્રણોના અમલમાં ઠાગાઠૈયા કર્યા હોવા છતાં ભારતમાં કોરોના અન્ય દેશોની સરખામણીમાં નિયંત્રણમાં છે. રસીકરણની પહેલ કરવામાં પણ આપણે યુરોપ-અમેરિકાથી પાછળ નહીં જ હોઈએ. ઈંગ્લેન્ડમાં ફાઈઝર દ્વારા ઉત્પાદિત રસીને મંજૂરી મળી ગઈ છે અને રશિયાએ તો સૌપ્રથમ રસી તૈયાર કરી લીધી હોવાનો વિક્રમ સર્જ્યો જ છે. ભારત ફાર્મા વિશ્વમાં અગ્રણી ઉત્પાદક હોઈ ઘણા બધા દેશોની શ્રેષ્ઠ કંપનીઓ એમની રસીનું ઉત્પાદન ભારતીય કંપનીઓના સહયોગથી કરી રહી છે તેની નોંધ પણ લેવી જ રહી. દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ હૈદરાબાદના ગઢમાં સારું એવું ગાબડું પાડી ઓવૈસીને પાછળ પાડી દીધા છે. બહુમતી કોઈ પાર્ટીને નથી મળી પરંતુ ભાજપ એક મજબૂત વિપક્ષ તરીકે અથવા ચંદ્રશેખર રાવનો સહયોગ લઈ સત્તામાં પણ ભાગીદારી ખરી શકે એવી સ્થિતિમાં પહોંચી ગયેલ છે. કોરોનાની ભયાવહ મહામારીથી તૂટી ગયેલું અર્થતંત્ર પણ ધીરે ધીરે પાટા પર આવી રહ્યું છે. આગામી ક્વાર્ટરમાં જ ગ્રોથરેટ માઈનસમાંથી પ્લસ તરફ પ્રયાણ કરે એવી શક્યતાઓ વરતાઈ રહી છે. આપણે ઈચ્છીએ કે સરકારની ગણતરી સાચી પડે.

જીવનની અકળ ગતિને સમજવી અઘરી છે!

આરપાર

રાઘવજી માધડ

નદી કિનારે બે સાધુ અને એક સ્ત્રી ઊભાં હતાં. નદીમાં પાણી હતું. સ્ત્રીને તરતાં આવડતું નહોતું. તેથી એક સાધુએ સ્ત્રીને ખભે બેસાડી નદી પાર કરાવી. આ ઘટના બાદ સાથી સાધુએ ઠપકો આપતા કહ્યું હતું : 'આપણે તો સાધુ છીએ તેથી સ્ત્રી સામે જોઈ પણ ન શકીએ, તેના બદલે સ્ત્રીને ખભા પર બેસાડી...' પછી મોં બગાડીને આગળ કહ્યું હતુંઃ 'ભ્રષ્ટ થઈ ગયા કહેવાય !' ત્યારે સાધુએ જવાબમાં કહ્યું હતુંઃ 'મેં સ્ત્રીને ખભા પરથી ક્યારનીય નીચે ઉતારી દીધી છે પણ આપના મન પરતો સ્ત્રી હજુય સવાર છે..!' આવું ઘણાં અધિકારી, પદાધિકારીઓ માટે બને છે. નિવૃત્ત થયા પછી પણ પદ, હોદ્દાનો ભાર માથે ને સાથે રાખી જીવતા હોય છે. પરિણામે બધું જ હોવા છતાં તેઓ સુખનું સરનામું શોધી શકતા નથી ને દુઃખના દવાખાને દસ્તખત કરતા હોય છે. નિવૃત્તિના દિવસે, અમુક વ્યક્તિ ઓફીસમાં સઘળું છોડીને, એટલે કે હોદ્દાના ભારમાંથી મૂક્ત થઈ, એક સામાન્ય જન તરીકે ઘરે પરત થતા હોય છે. તેઓને નિવૃત્ત જીવન સારું ને પ્યારું લાગે છે. ઘર,પરિવારમાં સહજ સ્વીકાર ને અઢળક આવકાર મળે છે. તેમાં વૃદ્ધ, શુદ્ધ, સમૃદ્ધ કે બુદ્ધ બનવું તે વ્યક્તિએ નક્કી કરવાનું હોય છે !

કોઈ સ્થિતિ કાયમી હોતી નથી. સઘળું એક નહીંને એક દિવસ છોડવું પડેછે. ભૂમિકા પૂર્ણ થાય એટલે તખતો છોડી દેવો પડે. પણ આ ભૂમિકા દરમ્યાન વ્યક્તિએ સારુંને સાચું કાર્ય કર્યું હોય તો ભયોભયો. પણ પછીથી ડહાપણની દાઢ ફૂટેને સલાહો આપવાના ઉધામા ઉપડે ત્યારે લોકોને તેમની દયા આવે છે.

આજે 'જીવન સરિતા' પુસ્તક પ્રાપ્ત થયું. જેમના લેખક છે, સચિવાલયમાં ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયેલા શ્રી શિવશંકર દવે. જીવન પંથના સાડા આઠ દાયકા પસાર કર્યા બાદ આજે જ્ઞાન, ધર્મ અને શબ્દના ઉપાસક ખરા અર્થમાં નિવૃત્ત નહી, પણ પ્રવૃત્ત છે. કોઈ જાતના ભાર વગર સહજ જીવે છે એટલું નહી, જીવંત છે. તેઓના આ ગ્રંથના એક શુભેચ્છા સંદેશમાં પી.કે. લહેરીએ લખ્યું છેઃ સરકારી અધિકારી કે કર્મચારી નિવૃત્તિ બાદ જીવનમાં ખાલીપો અનુભવે છે. ઘડિયાળના કાંટે ચાલતી દિનચર્યા, અહમને પોષતું વાતાવરણ અને વહીવટની આંટીઘૂંટીમાં અટવાતાં દિવસો, સપ્તાહો, મહિનાઓ અને વર્ષો ક્યાં વિતી ગયા તેનો અહેસાસ જ થતો નથી. અગાઉથી નિવૃત્તિની તારીખ નક્કી હોય પણ ત્યારે મૃત્યુ જેમ અચાનક આપત્તિ આવી પડી હોય એવું લાગે છે. સ્વભાવમાં પરિવર્તન આવે છે. જીવન ચીડિયાપણું, મૂંઝવણ, એકાકીપણું ને અસંતોષથી ઘેરાઈ જાય છે. પણ આવા વિકટ સંજોગોમાં જીવનમાં શબ્દની ઉપાસના દ્વારા નિજાનંદમાં લોકકલ્યાણ અર્થે કામ કરવું તે શ્રી શિવશંકરભાઈની વિશિષ્ઠ સિદ્ધિ છે. અમૃતપર્વ નિમિતે આ શુભેચ્છા પાઠવવામાં આવી છે.

મનુષ્યનું સરેરાશ આયુષ્ય વધ્યું છે. પણ કોરોનાકાળમાં છેલ્લા મહિનાઓથી માણસોને ટપોટપ કાળ નો કોળિયો થતા જોઈએ છીએ... ને જયારે સેલફોનમાંથી તેઓનું નામ ડિલીટ કરવાનું થાય ત્યારે અપાર પીડા અનુભવાય છે. એક પળે એવું થાય કે, એક દિવસ આપણું નામ પણ ડિલીટ થાશે. હા, અમુકના દિલમાંથી ડિલીટ નહીં થાય. જીવનની લીલા કે અકળ ગતિને સમજવી અઘરી છે. આ બધું જાણતા હોવા છતાં પદ, હોદ્દાને ઘડીભર અળગો કર્યા વગર વ્યક્તિ સજ્જડબંબ થઈને જીવતી લાશ માફક ફરતો કે રહેતો હોય છે.

નવરાશના કાળે કોઈ પ્રવૃત્તિ પકડીને પંપાળતા ને સંભાળતા શીખવું પડે. આજ સુધી જવાબદારી તળે અણગમતું ઘણું કરવું પડ્યું હોય છે. ત્યારે આ મનગમતું કરવાનો ઉત્તમ મોકો છે. પણ આવું કરવા માટેની એક શરત છે કે એવા પદ હોદ્દા કે અન્ય ભાર, વળગણને મને કમને પણ કોરાણે મૂકી દેવા પડે !

છેલ્લે :

વિદ્યાની ઉપાસના એ મારું ખૂબ ઊંડું વ્યસન બની ગયું છે : ભારતરત્ન ડો.આંબેડકર

(આજે નિર્વાણદિન છે)

તમે તમારા બાળકોને પિંજરાના સિંહ તો નથી બનાવી રહ્યા ને?

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

સાચું સુખ મૃગજળ જેવું છે. આપણને એ આપણાથી થોડે દૂર જ દેખાતું હોય છે, અને એને પકડવા આપણે સતત દોડ્યા જ કરીએ છીએ. જીવનના ઘણા વર્ષો પછી ખબર પડે છે કે આપણે જેની પાછળ ભાગતા રહ્યા એ ખરેખર સુખ હતું જ નહી. પણ ત્યારે આપણે ભાગી ભાગીને થાકી ગયા હોઈએ છીએ. અથવા દોડધામમાં આપણું સ્વાસ્થ્ય ગુમાવી ચૂક્યા હોઈએ છીએ. જો કે એક સત્ય એ પણ છે કે સગવડ કે સમૃદ્ધિને આપણે સુખ સમજી લઈએ છીએ. આ દેશમાં એવા અનેક પરિવારો છે. જેમાં મુખિયા માતા પિતાઓ મહિને લાખો રૂપિયા કમાય છે. તેથી તેમના સંતાનોને બધી જ સગવડ સરળતાથી મળી રહે છે. તેમની બધી જ ઈચ્છાઓની પૂર્તિ તરત થઈ જાય છે. માતા પિતાઓ પણ માની બેસે છે કે પોતે પોતાના સંતાનોને રૂપિયાથી બધુ જ સુખ આપી રહ્યા છે. તેથી તેઓ પોતાની નોકરી કે વ્યવસાયમાં વ્યસ્ત રહે છે. અને સંતાન માતા પિતાના પ્રેમ, હૂંફના અભાવમાં અને રૂપિયાની ઝાકઝમાળમાં, આ ઈન્ટરનેટની મોહ માયાજાળમાં ફસાતા જાય છે.

હવે આ બાજુ આવા પરિવારોમાં જે બાળકો ઉછરી રહ્યા છે તેના ઉછેર અને તેનામાં વિકસતી માનસિકતાથી માતા પિતા સાવ અજાણ હોય છે. જે ઈચ્છે તે બધુ મળી જવાથી સંતાન ખુશ તો રહે જ છે. પણ ઈચ્છિત ચીજ વસ્તુની પ્રાપ્તિથી સંતાનોના માનસમાં જે ભાવસ્થિતિ — મનોસ્થિતિ બને છે તે ભવિષ્યમાં આખા પરિવાર માટે ખતરનાક સાબિત થાય છે. કારણ કે દુનિયાના દરેક શાસ્ત્રો, દરેક સમાજો, દરેક દેશોની સંસ્કૃતિઓ અને દરેક મહાન વ્યક્તિઓનું જીવન કહે છે કે સાચું સુખ અને સફળતા સંઘર્ષમાં છૂપાયેલા છે. સંઘર્ષ વિનાનું જીવન - જીવન નથી પણ જેલ છે. જેની દિવાલો કોઈને દેખાતી નથી પણ મજબૂત હોય છે. વળી આ જેલની સજા સંતાનોને ભલે અજાણતા પણ માતા પિતા જ આપે છે. એને સગવડ, સુરક્ષા, સમૃદ્ધિ અને સ્પર્શની હૂંફ આ ચારેય મજબૂત દિવાલોની જેલમાં જે સંતાનોનો ઉછેર થાય છે તે સંતાનોને સફળતા ભાગ્યે જ મળે છે. કેમ કે સંઘર્ષ તેમણે જોયો નથી.

જીવનનું સાચું સુખ ને સફળતા સંઘર્ષમાં છે. સમૃદ્ધિમાં નહીં. જે ચીજ વસ્તુ આસાનીથી મળી જાય તે એક દિવસ તમારી કમજોરી બની શકે છે અને જે ચીજવસ્તુ તમે તમારા સંઘર્ષથી પ્રાપ્ત કરો છો તે તમારી તાકાત બને છે. જો એક સિંહના બચ્ચાને જન્મથી જ એક ઘરમાં રાખીને ઉછેરવામાં આવે, સમય સમય પર એને ખાવાનું આપવામાં આવે તો એ મોટો થઈને સિંહ તો દેખાશે પણ એનામાં સિંહના ગુણો નહી હોય. શિકાર કરવાનું એ ભૂલી ગયો હશે, એની વિકરાળતા સમાપ્ત થઈ ગઈ હશે, એ પીંજરાના જીવનને બદલે જંગલનું જીવન નહીં જીવી શકે. કેમ કે તેને તેની વારસાગત શક્તિની ખબર જ નથી. તે તેનું સિંહત્વ ગૂમાવી ચૂક્યો હશે. પીંજરા બહારની દુનિયામાં બીજા ઘણા ખતરનાક પશુ પક્ષીઓ જીવે છે. જે આ પીંજરાના સિંહને સરખી રીતે જીવવા નહી દે, તેથી આવા સિંહે પોતાના જીવનનિર્વાહ માટે માત્ર સરકસમાં જ કામ કરવું પડે છે. જ્યા તેને બધુ તૈયાર મળી રહે છે.

મિત્રો, ક્યાંક તમે પણ તમારા બાળકોને પીંજરાના સિંહ તો નથી બનાવી રહ્યા ને ? વિચારજો, અથવા હે યુવાનો, જો તમે સ્વતંત્ર રીતે વિચારી શકતા હોય તો વિચારજો કે તમારા માતાપિતા તમને પીંજરાનો સિંહ તો નથી બનાવી રહ્યા ને ? જો પીંજરાના સિંહ બની ગયા તો શક્ય છે કે આખી જિંદગી સરકસમાં કામ કરવું પડશે. શક્ય છે તમારા માતાપિતા અમીર છે. તમને બધુ જ તમે જે ઈચ્છો તે અપાવે છે. તો ચેતી જજો, તમારો ખોટો ઉછેર થઈ રહ્યો છે. કેમ કે સફળ જીવનનું સત્ય અને સાચા સુખનું મૂળ સંઘર્ષ છે, સમૃદ્ધિ નહી. તમારા માતાપિતા તો લાગણીવશ તમને બધી જ સુખ સગવડ આપશે જ. કેમ કે તેઓ તો એમ વિચારશે કે અમે જે તકલીફ સહન કરી છે અભાવ વેઠ્યો છે એ અમારા સંતાનોને ના સહન કરવું પડે તેથી તેઓ તમને મોંઘા કપડાં, મોંઘા મોબાઈલ, લેપટૉપ, કેમેરા, બાઈક, કાર.... બધુ જ અપાવશે. પણ જો તમારી સાથે આવું થતું હોય તો ચેતી જજો. તમે પીંજરાના સિંહ બની રહ્યા છો. તમે તમારી મૂળ પ્રકૃતિ - મૂળ શક્તિ ગુમાવી રહ્યા છો. જો તમારા બધા જ શોખ માતાપિતાના રૂપિયાથી પુરા થતા હોય તો પણ ચેતી જજો, સમયસર જાગી જજો. આખી જિંદગી સરકસમાં કામ કરવા (સંઘર્ષ કરવા) તૈયાર રહેજો. કેમ કે તમારા જીવનમાં ક્યાંય સંઘર્ષ છે જ નહી. ક્યાંય ટાઢ કે તડકો છે જ નહીં. તમને કોઈ દુઃખ સહન કરવાની આદત જ નથી. દિવાની કિંમત અંધકારમાં જ થાય છે. જો તમારા જીવનમાં સહેજેય અંધકાર નથી. અભાવ નથી તો તમારા માતાપિતા તમારા જીવનમાં ગમે તેટલા દીવડાઓ પ્રગટાવે એ વ્યર્થ જ છે. પ્રકાશનું મૂલ્ય સમજવા માટે જીવનમાં અંધકાર હોવો જરૂરી છે. સુખની કિંમત સમજવા માટે જીવનમાં થોડું દુઃખ હોવું અનિવાર્ય છે. માતાપિતાની સાચી જવાબદારી માત્ર તમને સારું પહેરવા ઓઢવા મળે, સારું શિક્ષણ અને સારા સંસ્કાર મળે એટલી જ છે. તમારા બધા જ શોખ પુરા કરવા એ માતાપિતાની જવાબદારી નથી તમારી ખૂદની છે. પરંતુ આ વાતનું સત્ય આજના મોટાભાગના માતાપિતા કે સંતાનો સમજતા જ નથી. પરિણામે આજે સમાજમાં જેટલા વૃદ્ધાશ્રમો છે, હેપીહૉમ્સ છે. તેમાં આવા જ માતાપિતાઓ છે જેમણે પોતાના સંતાનોને સંઘર્ષ, સંસ્કાર અને શિક્ષણના પાઠ ભણાવવાને બદલે સગવડતા અને સમૃદ્ધિ આપી. સંતાનોને અપાતી બીન જરૂરી સગવડ, સમૃદ્ધિ ને સુખ માતાપિતાને વૃદ્ધાવસ્થામાં એકલતા તરફ કે વૃદ્ધાશ્રમ તરફ દોરી જાય છે. આ પણ આપણા જ સમાજનું એક કડવું સત્ય છે. દરેક માતાપિતાએ એકવાર આવા કોઈ વૃદ્ધાશ્રમની મુલાકાત કરી લેવી જોઈએ.

મિત્રો, જે બાળક સંઘર્ષ નહી કરે, દુઃખનો અનુભવ નહી કરે, અભાવની અનુભૂતિ નહી કરે સમસ્યાઓનો સામનો નહી કરે એ જીવનની પરીક્ષામાં પાસ કંઈ રીતે થશે ? આવા અનેક સંઘર્ષની પરીક્ષાઓ આજે દરેક બાળકે, યુવાને આપવી જરૂરી છે. ભીની માટી ચાકળે ચડશે તો જ માટલું બનશે અને પછી આગની ભઠ્ઠીમાં તપશે તો જ મજબૂત બને છે. ઠંડક આપે છે. સોનું જેમ વધારે તપે છે તેમ ચમક વધારે આપે છે. લોખંડને પણ આગમાં તપાવીને ઉપર હથોડા મારીને ઘાટ આપવામાં આવે છે. સંસારની કોઈ પણ સફળતા કે મહાનતા બેઠા બેઠા મળતી નથી. તમે ભલે ગમે તેવા સોનાના સમૃદ્ધ પાંજરામાં (ઘરમાં) રહેતા હોય, પણ ઉડવા માટે તો આકાશ જ જોઈએ. અને તમારી પોતાની પાંખો ને આવડત પણ જરૂરી છે. સમૃદ્ધ માતાપિતા તમને સારું ખવડાવી - પહેરાવી શકે છે, પણ બહારની દુનિયામાં ઊડવા - દોડવા તમારી પોતાની પાંખો ને પગ હોવા જરૂરી છે. માતાપિતાની પાંખોથી તમે ઊડી નહી શકો. એમના ખભે બેસીને કદાચ તમે થોડો સમય તમે ઊડી પણ શકશો પરંતુ બહુ ઝડપથી નીચે પછડાશો. અને પછી ઊડવું અત્યંત દુઃખદાયક હશે. કેમ કે તમે જાતે ઊડવાનો ક્યારેય પ્રયાસ કર્યો જ નથી.

મિત્રો, જો તમે ૧૮ વર્ષના વયસ્ક થઈ ગયા છો, અને જીવનમાં સફળ બનવા ઈચ્છો છો તો તમારી આસપાસ તમારા માતાપિતાએ બનાવેલા સોનાના પીંજરાને તોડો, એ સૂરક્ષા કવચમાંથી બહાર નીકળો. માતાપિતાની સમૃદ્ધિ તમારી જ છે પરંતુ અત્યારે તમારે સંઘર્ષ કરવાનો સમય છે. કેમ કે આ યુગ જ્ઞાન અને સંઘર્ષનો યુગ છે. આજે અનેક વિકલ્પો તમારી સામે ખૂલ્લા છે. જાતે મહેનત કરીને, સંઘર્ષ કરીને અવનવું શીખો, સમજો, જ્ઞાન મેળવો અને રૂપિયા કમાતા થાવ. માર્ક ઝુકેરબર્ગે યુવાનીમાં જ ફેસબૂક બનાવ્યું હતું તો તમે કેમ કંઈ ના બનાવી શકો ? આજે દરેક ક્ષેત્રમાં યુવાનો સફળ ઉદ્યોગપતિ, આઈ.પી.એસ. નેતા, અભિનેતા, ક્રિકેટર કે વૈજ્ઞાનિક છે તો તમે કેમ નહીં ? સફળ વ્યક્તિઓના જીવનચરિત્રો વાંચશો તો ખ્યાલ આવશે કે તમારી પાસે આ ઉંમરે જેટલી સગવડ છે એટલી સગવડ એમની પાસે નહોતી છતાંય આજે તેઓ સફળ છે. દુનિયા તેમને ફોલો કરે છે આદર્શ માને છે.

મિત્રો, જાગો, હજીયે તમારા હાથમાંથી સમય નથી જતો રહ્યો. આજથી પ્રતિજ્ઞા લો કે મમ્મી પપ્પાના રૂપિયે કોઈ શોખ પુરા નહીં કરીએ. જાત મહેનત જિંદાબાદ, આજે કમાવવા માટેના, સફળ થવા માટેના અનેક ક્ષેત્રો ખૂલ્લા છે, અનેક વિકલ્પો છે. તમારી અંદરની શક્તિઓને, ઊર્જાઓને જાગૃત કરો, સંઘર્ષની આગમાં એને તપાવો, મન મક્કમ કરીને અતિ પરિશ્રમ કરો, સામે ચાલીને કઠિન માર્ગ પહેલા પસંદ કરો, સમસ્યાઓનો જાતે સામનો કરો, દુનિયાભરનું જ્ઞાન અર્જિત કરો. અને પછી જૂઓ કે તમારી અંદરનું વ્યક્તિત્વ કેટલું પાવરફૂલ છે. ઈશ્વરે તમને પણ કેટલી બધી શક્તિઓ આપી છે. તમે પણ માર્ક ઝૂકેરબર્ગ, સચિન, શાહરૂખ કે વિરાટ બની શકો છો. તમે પણ ઓબામા, અમિતાભ કે ધીરુભાઈ અંબાણી બની શકો છો.

- 9426060601.india@gmail.com

આ વખતે 'ઓસ્કાર'માં દોડશે 'ભેંસ'!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

બેકગ્રાઉડમાં ઘડિયાળની ટીક ટીક ટીક ટીક નો અતિશય લાઉડ એવો નોનસ્ટૉપ અવાજ... ટીક ટીક ની સાથે સાથે જુદા જુદા સૂતેલા ચહેરાઓનો ક્લોઝઅપ... ચહેરાઓની સાથે સાથે એ ચહેરાઓની ઊઘડતી આંખોના એકદમ નજીકના ક્લોઝઅપ ... બેકગ્રાઉંડમાં ટીક ટીક ચાલુ જ છે અને એ ટીક ટીક ની સાથે સાથે ઊઘડતી આંખો.. શ્વાછોસ્વાસના આવજો... કીડી, અળસિયા જેવા રખડતા જીવજંતુઓના અવાજો...વહેલી સવારનું ઊઘડતું આકાશ ... ટીક ટીક ના અવાજો માં ભળતી તાલીઓનો સાઉન્ડ અને ભેસના ભાંભરડા... શરૂઆતનો આ બે-ત્રણ મિનિટનો ઈંટ્રો જ તમારા રૂવાડા ખડા કરી દેવા માટે સક્ષમ છે...! અને આ ઈંટ્રો જેવો જ જાદુ આવનારી ૯૦ મિનિટ સુધી દર્શકો પર છવાઈ રહેવાનો છે. અત્યારની હિટ વેબ સીરિઝ 'સ્કેમ -૧૯૯૨' નું ટાઈટલ મ્યુઝિક જેમ ગુસબંપ માટે કાફી છે કઈક એવું જ છે આ ફિલ્મનુ ઓપનિંગ...! જી હા વાત થઈ રહી છે કોરોનાને લીધે થોડા લેઈટ ૨૫ મી એપ્રિલ ૨૦૨૧ માં યોજાનારા અને જગપ્રતિષ્ઠિત એવા ૯૩ માં ઓસ્કાર એવોર્ડ માટે વિદેશી ભાષાની કેટેગરીમાં ભારત તરફથી મોકલાયેલ મલયાલમ ફિલ્મ 'જલ્લીકટ્ટુ' ની..!

આમ તો 'જલ્લીકટ્ટુ' વિષે બધા જ જાણે છે કે એ સાઉથમાં રમાતી અને ઉત્સવ તરીકે પ્રચલિત એક એવી રમત છે કે જેમાં બળદને ટોળાં પર છૂટ્ટો મૂકી દેવામાં આવે છે અને પછી એના શીંગડા પકડીને એના પર થોડી સેકન્ડો માટે સવાર થવાની એક સ્પર્ધા જાગે છે. બળદ લોકોને શિંગડે ભેરવતો જાય છે. જો કે ફિલ્મ 'જલ્લીકટ્ટુ' માં માત્ર નામ જ એ સ્પર્ધા નું રખાયું છે જ્યારે વાત આખી જુદી જ છે. કેરળના પહાડી બેકડ્રોપમાં વસેલા એક ગામમાં એક કસાઈ છે જેનું કામ રોજ ભેંસ કાપવાનું અને વેચવાનું છે. એનું આ જ રૂટિન છે પણ એક દિવસ એક ભેંસ કસાઈની ચંગુલમાથી છટકી જાય છે. છટકીને એ ભેંસ આખાયે ગામ અને એના વિસ્તારમાં મચાવે છે ધમાચકડી. ગામના લોકો માટે હવે ભેંસને પકડવી ઈજ્જતનો સવાલ થઈ જાય છે. ભેસ પકડવાની આડમાં ગામના લોકો પોતપોતાના સ્વાર્થ સાધવાનું શરૂ કરી દે છે. ભેંસ પણ એમ કાઈ હાથમાં આવે એમ છે નહી. ભેંસને પકડવાના પેંતરાઓ રચાય છે. ભેંસ પકડવી એ ગામલોકો માટે એક ઉત્સવ બનતો જાય છે. ધીરે ધીરે અંધાધૂંધી વધતી જાય છે. ભેંસને પકડવા ગામલોકો મરણિયા થાય છે તો સામે છેડે બચવા માટે ભેંસ પણ...! અંતમાં ભેંસને પકડવા હાકલા પડકારા કરતાં લોકોના ટોળાને જોતાં લાગે છે કે માણસ ફરીથી આદિમાનવ બની ગયો છે. અને અંતે...? અંત તો તમારે જોવો જ રહ્યો. ક્લાઈમેક્સ પૂરો થતાં જ તમે મિનિટો સુધી સુન્ન થઈ જવાના એ ગેરંટી....!ફિલ્મમાં માણસના જાનવર બનવા સુધીની અદ્ભૂત પ્રતિકાત્મક વાત છે.

માંડ બે લીટીની આ વાર્તા આમ તો સાવ સીધીને સટ્ટ જ છે પણ 'જલ્લીકટ્ટુ'ને ઓસ્કારમાં એન્ટ્રી મળી હોય તો એનું કારણ એ વાર્તાની દિગ્દર્શક લિજો જોસ પેલ્લિસેરી એ કરેલી સોલીડ માવજત. અને લિજોને એમાં જોરદાર સાથ મળ્યો છે સિનેમેટોગ્રાફર ગિરીશ ગંગાધરન અને સંગીતકાર પ્રશાંત પિલ્લાઈનો. ૯૦ મિનિટની આ ફિલ્મની એક એક ફ્રેમ લીટરલી વિઝ્યુલી ટ્રીટ છે તો બેકગ્રાઉડ મ્યુઝિક આલાતરીન. લિજોના વ્યૂ ને ગિરિશે કેમેરાથી પરદા પર એટલો અદ્ભૂત રીતે ઢાળી બતાવ્યો છે કે તમે સલામ માર્યા વગર ના રહો. આખી ફિલ્મમાં કેમેરો ભાગ્યે જ ક્યાય શ્વાસ ખાવા રોકાયો હશે. પાત્રોની સાથે અને એની પાછળ સતત ભાગતો કેમેરો આખીએ પરિશ્થિતીનું એકદમ સચોટ ચિત્રાંકન કરી બતાવે છે. લગભગ બધા જ સીન લોંગ ટેકમાં શુટ થયા છે એમાએ બજારમાં પોલીસ આવે છે એ લગભગ પાંચેક મિનિટનો જે નોનસ્ટૉપ વન ટ્રેક શૉટ લેવાયો છે એ અફલાતૂન છે. તમને એવું જ ફિલ થાય કે બજારમાં બનતી એ ઘટના અને એમાં ભાગ લેતા ટોળાનો તમે એક હિસ્સો જ છો. કઈક એવી જ રીતે જંગલના દ્રશ્યો હોય, રાતના દ્રશ્યો હોય કે પછીના ફિલ્મ એન્ડમાં મશાલો લઈને ભેસ પર ત્રાટક્તું મસમોટા ટોળાના એરિયલ શૉટ હોય...દિલ બાગ બાગ થઈ જાય એવી એક અનોખી સિનેમેટોગ્રાફી આ ફિલ્મનુ જબરદસ્ત પાસું છે.

ફિલ્મનુ સેંટ્રલ કેરેક્ટર ભેંસ તો છે જ પણ ભેસની વાર્તા સાથે કઈકેટલીય વાર્તાઓ સમાંતરે દોડે છે. જેની ભેંસ ભાગે છે એ કસાઈની બહેનની પણ એક લવસ્ટોરી છે તો ખુદ કસાઈની પણ એક હિસ્ટ્રી છે. દીકરીના લગ્ન માટે માંસની વ્યવસ્થામાં પોરવાયેલો એક શેઠ છે તો જેના લગ્ન છે એ છોકરી બીજા સાથે ભાગવાના પ્લાનમાં છે. એક પોલીસ ઓફિસર છે જે પત્નીને ખખડાવતો રહે છે. એક ચંદનચોર છે. એક પાદરી છે અને આ સિવાય પણ ઘણા બધા પાત્રો આવ-જ કર્યા કરે છે પણ આખીએ ફિલ્મમાં મજાની વાત એ છે કે ભેસ સહિત બધા જ એક ટોળાનો ભાગ છે. ક્યારેય એમ નથી લાગતું કે બીજા પાત્રોની સ્ટોરીએ વિક્ષેપ પાડ્યો હોય અને આમેય 'જલ્લીકટ્ટુ' પોતે પણ ટોળાની રમત જ છે ને...! ખેર સ્ટોરી એટલા માટે લખી કાઢી કે ફિલ્મમાં સ્ટોરી તો નહિવત જ છે પણ જોવા લાયક છે દિગ્દર્શન, ફોટોગ્રાફી, બેકગ્રાઉડ મ્યુઝિક અને ખાસ તો એક એક પાત્ર ની અદાકારી. ફિલમમાં ત્રાડો પાડતા લોકો છે.... બુમરાણ મચાવતા લોકો છે... ગુસ્સો કરતાં લોકો છે... ઝગડો કરતાં લોકો છે...દગો કરતાં લોકો છે... માણસમાથી જાનવર બનતા લોકો છે... મોકાનો ફાયદો ઉઠાવતા લોકો છે... અને આ બધા ટોળામાં સામેલ છે. ફિલ્મની લગભગ દરેક ફ્રેમમાં રહેલા લોકો કઈ ને કઈ કરતાં જ દેખાય છે અથવા તો કઈ ને કઈ થતું જ રહે છે અને ખૂબીની વાત એ છે કે ફિલ્મના એક પણ શોટમાં સ્પેસિયલ ઈફેક્ટનો ઉપયોગ થયો નથી.

એમેઝોન પ્રાઈમ પર જ્યારથી 'જલ્લીકટ્ટુ' આવી છે ત્યારથી મલયાલમ જાણતા ના હોય એવા ફિલ્મ રસિક લોકોની પણ એ ફેવરિટ બની ચૂકી છે. આ લખનારે અનેક દોસ્તોને 'જલ્લીકટ્ટુ' ઘણા વખત પહેલા રિકમાંડ કરેલી. જો કે ફિલ્મ જોતી વખતે ક્યાય પણ ભાષાની મર્યાદા નડે એમ છે જ નહીં અને આમેય પ્રાઈમ વિડીયો પર એ હિન્દી સબટાઈટલમાં છે જ. અગત્યની ભાષા નહીં પણ 'જલ્લીકટ્ટુ' જોવાની એક અલગ જ ફિલિંગ છે. લેપટોપ કે મોબાઈલના ટચૂકડા પરદે એના સાઉન્ડ કે દ્રશ્યોની કદાચ એટલી બધી ફિલ નહીં આવે કેમકે આ બિગ સ્ક્રીન બ્યુટી છે. આના માટે મોટું ટીવી અને બેટર સાઉન્ડ સિસ્ટમ જો હોય તો મોજે મોજ થઈ જાય. આ વખતે ભારતે નો ડાઉટ તગડી એન્ટ્રી મોકલી છે. 'જલ્લીકટ્ટુ' ઓસ્કારમાં જતાં પહેલા લંડન, ટોરેંટો અને બુસાન ફિલ્મ ફેસ્ટિવલ માં પોતાનો જલવો બતાવી ચૂકી છે. ૨૦૧૯માં કેરળના સિનેમાઘરોમાં રીલીઝ થયેલી 'જલ્લીકટ્ટુ' સારી ચાલેલી અને એનાથી વધુ વાર પ્રાઈમ પર જોવાઈ ચૂકી છે. 'ગુલાબો સીતાબો', 'છલાંગ'. 'કામયાબ' જેવી ભારતની જુદી જુદી ભાષાની ૨૭ ફિલ્મોને પછાડીને ઓસ્કારમાં એન્ટ્રી લેનાર 'જલ્લીકટ્ટુ' પાસેથી આ વખતે ઓસ્કારની ઉમ્મીદ છે અને ઉમ્મીદ એટલા માટે છે કે 'જલ્લીકટ્ટુ' ખરેખર એક ઈન્ટરનેશનલ લેવલની ફિલ્મ છે અને ખાસ તો ફિલ્મમાં માનવીય સભ્યતા અને એના પતનનો એક સરસ સંદેશ પણ છે. 'જલ્લીકટ્ટુ' ના જોઈ હોય તો જોઈ કાઢો અને વેઈટ કરો ૨૫ એપ્રિલનો કે જ્યારે આપણા કાને પડે..' એન્ડ ધ ઓસ્કાર ગોઝ ટુ 'જલ્લીકટ્ટુ'....!

-akurjt@gmail.com